શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૦

અંક : ૩

## ક્ષય રોગ નિવારણ ..........

ક્ષય રોગ એક જીવલેણ બિમારી છે. સમુદાયના સ્વાસ્થ્ય તેમજ જાહેર આરોગ્યની તે ગંભીર સમસ્યા છે. વિશ્વના કુલ દર્દીઓમાંથી ત્રીજા ભાગના ક્ષયના દર્દીઓ ભારતમાં છે. દેશમાં દર વર્ષે ૧૮ લાખ નવા ક્ષયના દર્દીઓ ઉમેરાય છે. એટલે કે દર મિનિટે એક દર્દી મૃત્યુ પામે છે, જે પૈકી ૮૦ ટકા દર્દીઓ યુવા વયની સ્થિતિમાં રિબામણ તથા મોતને ભેટે છે.

ત્રણ અઠવાડીયાથી વધારે ઉધરસવાળા દર્દીએ તુરંતજ ગળફાની ત્રણ વાર તપાસ કરાવી તેમજ જરૂર પડયે એકસ–રે પડાવી પાકુ નિદાન  કરાવી લેવું જોઈએ જરાપણ ઢીલ કર્યા વગર જેટલું વહેલુ થાય તેટલો રોગ ઝડપથી અને પુરેપુરો મટી શકે  છે. નિદાનની સાથે જ તુરંત સારવાર શરૂ કર્યા પછી પુરા સમય સુધી સારવાર નિયમીત સલાહ મુજબ ચાલુ કરી દેવી જોઈએ. દવાથી કંઈપણ તકલીફ લાગે તો તમારા ફેમીલી ડોકટર કે ડોટસ સેન્ટરને જાણ કરવી પરંતુ કોઈ પણ સંજોગોમાં દવા ઓછી ન કરવી, અથવા અધુરી ન રાખવી એનાથી એમ.ડી.આર. એટલે મલ્ટી ડ્રગ રેસીસટન્ટ રોગ થાય છે. જેમાં ક્ષય રોગના જંતુઓ ઉપર ચાલુ દવાની અસર થતી નથી અને નવી દવાઓ લેવી પડે છે જે ખુબજ ખર્ચાળ ખુબ હાનીકારક (સાઈડ ઈફેકટવાળી) અને ખુબ લાંબા સમય માટે લેવાની હોય છે. તેટલું કર્યા પછી બહુજ મુશ્કેલીથી પચાસેક ટકા દર્દીઓ જ સાજા થઈ શકે છે. આવા દર્દીઓ પોતાના કુટુંબીજનો, સમાજ તેમજ દેશ માટે ખતરા અને બોજારૂપ સાબિત થાય છે.

આ સિવાય એઈડસના દર્દીઓને રોગપ્રતિકારક શકિત ઓછી થવાને કારણે ક્ષય રોગનો ચેપ લાગવાનો સંભવ પાંચ ગણો વધારે હોય છે.

સંકલનઃ ડો.એ.જે.ડબાવાલા

માર્ચ ૨૦૦૮નાં "ટપક"ના સ્પોન્સર

**અવિરત એગ્રો પ્રોડયુસર કંપની લિ.**

**ખાંભા**

***સફળતાનું રહસ્ય ઉદ્દેશ્યની સ્થિતિમાં છે.***

**પરીક્ષા**

આ અંક તમારા હાથમાં હશે ત્યારે માસ્ટર ડિગ્રીની પરીક્ષા શરૂ થવાની તૈયારી હશે. ધો. ૧૦ અને ૧૨ તથા કોલેજો ની પરીક્ષા લગભગ પુર્ણ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ હાશકારો અનુભવી મનગમતી પ્રવૃતિ માં જોડાશે. પાનખર પછી વૃક્ષોને નવી કુંપળો ફુટે અને વસંત ઋતુનો પ્રારંભ થાય તેમ પરીક્ષા પછી વિદ્યાર્થીઓને તેમાથી છુટયાનો વસંત જેવો આહલાદક અનુભવ થાય.

નાના બાળકો પણ હવે પરીક્ષા ની બીકે રંગાયા તેમ કહીએ તો ખોટું નથી. કોના વાંકે કે પછી પાપે પરીક્ષાનો ભય ઉભો થયો છે તે શોધવું કપરૂ બની શકે. હું પાંચમાં ધોરણ માં હતો ત્યારે પરીક્ષા પણ શાળાના ચાલુ દિવસની જેમ જ પસાર થઈ જતી જે કંઈ શીખ્યા તે લખવાનું. પરીક્ષામા જો બાળક નાપાસ થાયતો બાળક ની બુધ્ધિ ને દોષિત ઠેરવી આપણે તેના મગજ ને કુંઠીત કરતા હોઈએ છીએ. પહેલા ધોરણથી જ ટયુશન શરૂ કરાવીએ અને પછી સમાજમાં બડાશ હાંકીએ  કે મારો બાબો કે બેબી તો ટયુશનમાં જાય છે. આવી બે પાળી ની સિસ્ટમ થી બાળક તેમાજ રચ્યું પચ્યું રહે અને ભણતર ના ભાર તળે દબાતું રહે વાલીઓએ વિચાર કરવાની જરૂર છે કે જયારે તમે ઓવર ટાઈમ કરો ત્યારે થાકો છો કે નહી.

અહી બાળ અધિકારોનું  હનન થતું જોઈ શકાય છે. પોતે પુરી ન કરી શકયા તેવી મહેચ્છાઓ બાળક પાસે પુરી કરાવવા પહેલેથી દબાણ કરવું. જેથી બાળક માત્ર પુસ્તકીયું જ્ઞાન મેળવે અને પછી દુનિયાદારીથી અલિપ્ત જ રહે. એકલું એકલું આ મનોસ્થિતિમાં પરીક્ષાના હાઉનો ભોગ બને અને પછી તાજેતરમાં જે બધા કિસ્સાઓ ચમકયા  તેવી પરિસ્થિત ઉભી થાય. વિદ્યાર્થી મોત ને વ્હાલું કરે .

કુમળી વયમાં તેના મગજ પર કેવી અસરો થઈ હશે તેનાથી બાળક આવું અકલ્પનિય પગલું ભરે વાલીઓ વાંચી અકળાશે અને કહેશે તો શું અમારે અમારા બાળકો ને બગડવા દેવા કે રખડવા દેવા? મારૂ કહેવાનું તાત્પર્ય એટલુ જ કે બાળક જયારે ભુલ કરે ત્યારે તેને રોકવું જોઈએ પરંતુ દરેક બાબતમાં દખલગીરી વ્યાજબી નથી. પરીક્ષા સમયે વાલીને બાળક સુધી આ કાપલી કંઈ રીતે પહોંચે તેની પરવા છે પણ તે કયારેય નહિ વિચારે કે પોતે બાળકના પગ પર કુહાડો મારી રહયા છે. પછી વાતો કરીએ બેરોજગારી વધી. જો દરેક પોતાની કાબેલીયતથી પરીક્ષા પાસ કરશે તો તે જીંદગીની દરેક પરીક્ષામાં પાસ થશે જ.

કહેશો કે મુકો આ બધી પળોજણ બોર્ડની પરીક્ષાની તૈયારી માટે ટયુશન કલાસીસ શોધવાના બાકી છે એમા તમારી આવી વાત કયાં સમજવી ખરૂને.

–ભરત વાળા

***જેને હારવાનો ડર છે તેની હાર નકકી છે.***

## માટી ચકાસણી

દુનિયા જયારે ખેતીમાં ઓછામાં ઓછા કેમીકલ વાપરવા તરફ જઈ રહી છે. ત્યારે આપણે આડેધડ અને પ્રમાણ કરતા પણ વધારે રાસાયણીક ખાતરો વાપરી રહયા છીએ. જેના કારણે જમીનની ઉત્પાદન ક્ષમતા અને ફળદ્રુપતા વધી છે. જમીન કડક થતી જાય છે. અને ઉત્પાદન ખર્ચ વધુ આવે છે. ચોકકસ વાત છે કે પાકની માવજત માટે અને જમીનના જરૂરી તત્વો માટે રાસાયણીક ખાતર નાખવા જોઈએ પરંતુ જરૂરીયાત મુજબ. આનો જો કોઈ ઉકેલ હોય તો તે જમીનની ચકાસણી કરાવી ભલામણ મુજબની ટ્રીટમેન્ટ જમીનને આપવામાં આવે તો જમીન બગડતી અટકે અને ખેતી ખર્ચ ઘટે આથી ખેડુતની આવક વધે.

### જમીનમાં મુખ્યત્વે કયા તત્વો જરૂરી છે.

(૧) પી.એચ., (૨) ઓર્ગેનીક કાર્બન, (૩) નાઈટ્રેટ નાઈટ્રોજન, (૪) એમોનીકલ નાઈ ટ્રોજન, (૫) ફોસ્ફેટ, (૬) પોટેશીયમ, (૭) મેગ્નેશિયમ, (૮) કેલ્શીયમ

### જમીન ચકાસણીના ફાયદા

(૧) છોડને જરૂર મુજબ પોષણ આપી સમૃધ્ધ રીતે વિકસતા જોઈ શકશો. તમારી વાડી કે ખેતરને રોગ મુકત અને સુંદર નિહાળી શકશો. તમે ધાન્ય કે શાકભાજીનો જરૂરત જેટલાંજ ખાતરનો ઉપયોગ કરી ભરપુર પાક મેળવી શકશો. તમે જાણો છો તેમ ખાતરનો વધુ પડતો ઉપયોગ વ્યયપુર્ણ અને છોડના વિકાસ માટે હાનીકારક છે.

(૨) આ પરીક્ષણથી તમારી જમીનના પોષક તત્વોની જાણકારી મેળવી શકશો જેથી તમે એમાં કયા તત્વનું કેટલુ ઉમેરણ કરવુ કે ઉમેરણ ના કરવુ તે નકકી કરી શકશો.

### જમીનનું પૃથ્થકરણ શા માટે?

(૧) છોડના વિકાસ માટે પોષક તત્વોની જરૂર છે. આવા તત્વો મોજુદ છે કે કેમ તે જાણી શકાય.

(૨) ખાતરનો બિનજરૂરી વપરાશ અટકે. તેનાથી થતુ પર્યાવરણીય નુકશાન પણ અટકે છે.

### જમીનનું પરીક્ષણ કયારે કરવુ.

(૧) પાકની રોપણી કરતા પહેલા કે પાક માટે કયારી તૈયાર કરતા પહેલા પરીક્ષણ કરવુ.

(૨) જયારે લાગે કે પાકનો પુરતો વિકાસ થતો નથી ત્યારે જમીન ચકાસણી કરવી.

### માટીના નમુના કેમ લેવા

(૧) ખેતરમાંથી માટી લેવા અને મીક્ષ કરવા ચોખ્ખી પ્લાસ્ટીક કોથળી લેવી.

(૨) ખેતરના જુદા જુદા ૫–૬ ઠેકાણેથી ઉપરના સ્તરેથી ૬ ઈંચ છોડી દઈ નીચેની માટી મોટા ચમચાથી કાઢી કોથળીમાં ભરી મોઢું બંધ કરવું.

(૩) નમુનાની માટીને ભાંગીને ભુકકો કરવો.

(૪) નમુનામાં ભેળસેળ ન થાય તેની કાળજી રાખવી.

સંકલન : અશોક શેલાર (જમીનના તત્વો અંગે વધુ માહીતી આવતા અંકે)

**મહિલા અને બાળકો**

ઈ.સ.૧૯૮૦માં સંસ્થાની સ્થાપના કરવામાં આવી ત્યારથી જ સ્ત્રીઓની ભાગીદારીને મહત્વપુર્ણ ગણી કારોબારીમા સામેલ થાય તે પ્રકારની નીતીરહી છે. શરૂઆતના તબકકે ગ્રામીણ લોકોને પોતાના ગામમાંજ રોજગારીની તકો ઉભી થાય તે માટે નેતૃત્વ તાલીમો, શ્રમશિબિરો, તેમજ ગ્રામીણ બેરોજગાર યુવક–યુવતીઓના સંગઠનો બનાવી વ્યવસાયિક માર્ગદર્શન તેમજ વ્યવસાયિક તાલીમ શરૂ કરવામાં આવી.

હાલમાં સંસ્થાના કાર્યક્રમો જેન્ડર અને વિકાસ, તાલીમ અને શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ, કૃષિ ઉત્પાદકતા વૃધ્ધિ કાર્યક્રમ, સંશોધન અને દસ્તાવેજીકરણ વિગેરે અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ ચલાવી રહી છે.

૧૯૯૧માં સંસ્થાએ કુંકાવાવ તાલુકાના દેવગામમાં મહિલાઓ માટે સીવણ વર્ગ શરૂ કર્યો ત્યારથી આજ સુધીમાં બચત મંડળ /સહકારી મંડળીના માધ્યમથી બેંક સાથે જોડાણ કર્યુ છે. સંસ્થામાં જેન્ડર પોલીસી પણ અમલમા છે. સ્ત્રી અને પુરૂષને સમાન ગણી દરેક નિર્ણય પ્રક્રીયામાં સામેલ થાય છે. આ તમામ કાર્યો થકી છેવાડાના લોકો સુધી પહોંચવાનો મોકો મળ્યો છે, તેમના અનુભવોનો સાથ મળ્યો છે અને સૌથી વિશેષ કે સંસ્થાના કાર્યક્રમોને સફળ બનાવવામાં સહયોગ મળ્યો છે, આ ઉપરાંત ખાંભા મુકામે કંડેન્સ્ડ કોર્સ તથા અમરેલી મુકામે વોકેશનલ ટ્રેનીંગ કોર્સમા મળી ૯૦ બહેનોને આજીવિકાના વિકલ્પો ઉભા કરવામા સંસ્થા મદદરુપ બની હતી.

સમાજની પરિસ્થિતિ પણ સમયાંતરે બદલતી હોય છે તે પરિસ્થિતિના નિવારણ સ્વરૂપે જયારે જે કાર્ય કરવાની જરૂર પડી છે તે સંસ્થાએ કર્યુ છે. મહિલા અને બાળ વિકાસના કાર્યોને ધ્યાનમાં રાખીને ગ્રામ્ય વિસ્તારમાં કામે જતી મહિલાઓનાં બાળકોના વિકાસ અર્થે ૧૯૯૩માં સમાજ કલ્યાણ સલાહકાર બોર્ડના સહયોગથી ઘોડીયાઘર ચાલુ કરવામાં આવ્યુ. ઘોડીયાઘરમાં બાળકોને પૂરક આહાર, આરોગ્ય સેવા, મનોરંજન અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ બે તાલીમી આયાઓ દ્વારા આપવામાં આવતુ હતુ. વાર્તાઓ, બાળગીતો, પાત્ર અભિનય વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પૂરૂ પાડવામાં આવતુ. પરંતુ મર્યાદિત બજેટમા વધુ અપેક્ષાઓ સંતોષાય નહી જેના કારણે હાલ આ કેન્દ્ર પોતાની રીતે ભંડોળ ઉભુ કરી ચાલે છે.

મુગ્ધ કિશોરી માટે વિકસવું, વિસ્તરવુંએ તારૂણ્યની સાહજીકતા છે. યુવતિઓને એમની વ્યકિતગત મુંઝવણમાં શારીરિક, માનસિક, સામાજીક, આર્થિક, સાંસ્કૃતિક, નૈતિક વિકાસને

**આત્મસંયમ પુરૂષત્વ અને ચારિત્ર્યનો અર્ક છે.**

અનુલક્ષીને વૈચારીક આદાન–પ્રદાનની પ્રક્રિયા દ્વારા નિરંતર શિક્ષણ યુવતિ વિકાસ કેન્દ્ર દ્વારા જુથ મીટીંગમાં તેમજ વ્યકિતગત સ્વરૂપે બહેનોને એચઆઈવી/એઈડ્સ, આરોગ્યલક્ષી, કારકીર્દીલક્ષી અને કાનૂની અંગે માર્ગદર્શન આપવામાં આવતુ હતુ. તેમજ એચઆઈવી/એઈડ્સ અંગેનાં પ્રદર્શનો, આરોગ્યલક્ષી વિડિયો ફિલ્મ, મહિલા દિવસની ઉજવણી, કાનૂની શિબીર અને વિશ્વ એઈડ્સ દિનની ઉજવણી દ્વારા યુવતિઓને વિવિધ વિષય આધારિત માહિતી આપવામાં આવતી હતી. યુવતિ વિકાસ કેન્દ્ર મહિલા અને બાળ વિકાસ વિભાગના સહયોગથી ચાલી રહયુ હતુ. પાછળ થી આ યોજનામા ફેરફાર થતા તેમા સંસ્થા જોડાઈ નથી.

સમાજનું નાનામાં નાનુ એકમ કુટુંબ છે. સ્ત્રી કુટુંબની ધરોહર અને કુટુંબ માટે જાતને ન્યોછાવર કરે છે. તેમ છતા પારીવારીક સમસ્યા માટે સ્ત્રીને કારણભૂત ગણી તેને માનસીક શારીરિક ત્રાસ મળે છે. પતિ, બાળક અને ઘરના વડીલોની સેવામાં પોતાનું જીવન ધન્ય ગણતી સ્ત્રીનું જીવન એક વ્યથા બની જાય ત્યારે સ્ત્રીને યોગ્ય માર્ગદર્શન આપવા, ઉભી થયેલ પરિસ્થિતિને હલ કરવા તેમજ કુટુંબને એક તાતણે બાંધવાના હેતુથી કુટુંબ સલાહ કેન્દ્ર સમાજ કલ્યાણ બોર્ડ દ્વારા ચલાવ્યુ. કાર્યક્રમની માર્ગદર્શીકા મુજબ કાઉન્સેલર એમ એ સાયકોલોજી અથવા એમ એસ ડબલ્યુ રાખવામા આવતા. તેમને માસિક પગાર રુ. ૨૫૦૦ આપવામા આવતો. આ પગારમા અનુભવી વ્યકિતઓ આવતી નહી. નવા ઉમેદવાર પસંદ કરી તાલીમ આપી કામ શરુ કરે ત્યા કોઈ વધુ પગાર આપે તો ત્યાં જતા રહેતા. જેથી સતત ટર્ન ઓવરના કારણે સંસ્થાનું મુખ્ય કામ આ પ્રોસેસ બની ગયુ. કાર્યક્રમના હેતુથી દુર જતા હોય તેવુ લાગતા આ કેન્દ્ર બંધ કરી આ કામની જવાબદારી સંસ્થાના પેરાલીગલ વર્કર તથા ન્યાય સમિતીના બહેનોને સોંપવામા આવી.

આજે પણ સંસ્થા સ્ત્રી હિંસા વિરોધી અભિયાન અંતર્ગત ગ્રામ્ય વિસ્તારની બહેનોને પોતાની સાથે થતા અન્યાય સામે અવાજ ઉઠાવતા શીખી છે. તેમજ બહેનો ઘરમાંથી બહાર આવી સભા કે મીટીંગોમાં પોતાના પ્રશ્નોની રજુઆત કરે છે.

આમ, સંસ્થાની ટીમ વિકાસમા અવરોધ રુપ બાબતોને ઓળખી તેના નિરાકરણની ભૂમિકામાં રહી છે. જેમાં છેલ્લા દસ વર્ષથી "ટપક" દ્વારા લગાતાર ૧૦૦૦ થી ૧૨૦૦ લોકો સુધી દરમહિને વિવિધ માહિતિ સાથે મળવાનું રાખ્યું છે.

***માંગો નહી લાયક બનો, આપો આપ મળશે.***

## ટ્રાયકોડ્રામા વીરડી (ટીવી)

લાલચની દોટમાં આડેધડ રાસાયણીક ખાતરો અને પેસ્ટીસાઈડઝ દવાઓના ઉપયોગથી જમીન બગડી, ખર્ચ વધ્યો. રોગનું પ્રમાણ વધ્યુ, ખેડુત વધુ દેવાદાર બન્યો. આ રાસાયણીક ખાતરના વધુ પડતા ઉપયોગથી એવા તત્વોને પણ મારી નાખ્યા અને પેસ્ટીસાઈડઝનો ડોઝ ગમે તેટલો આપો તો પણ ફાયદો થતો નથી. હાલ પાકોમાં રોગોનું પ્રમાણ પુષ્કળ છે. જેમાં મુળના રોગોમા ફુગ નો રોગ પુરા પાક ને નષ્ટ કરી દે છે જે માટે આપણી જમીન મા પહેલા ટ્રાયકોડ્રામા વીરડી (ટીવી) હતી . જેને આપણે આ ખાતરો નાખી મારી નાખી અને હવે ગમે તેટલી દવા છંટકાવ કરો છતા પાક ને રક્ષણ મળતુ નથી

<u>આ ટીવી શું છે</u>

ટીવી એક ફુગ (બેકટરીયા) છે મુળમા થતી ફુગ ને મારે છે. તે ત્રણ પ્રકારે જોવા મળે છે.

૧, ટ્રાયકોડ્રામા હાર્જીનિયમ જે બગાયતી પાકો માટે છે.

૨, ટ્રાયકોડ્રામા વીરડી જે મુળના રોગો માટે છે.

૩, સ્યુડોમોનાસ બાયોફન્જીસાઈડસ જે ડુંગળી માટે તથા પાનના રોગ માટે છે.

<u>ટીવી વાપરવા ની રીત</u>

બીયારણ સાથે ભેળવી શકાય અને ટ્રેસીગ પણ કરી શકાય છે. ૫૦ ટકા થી વધારે ભેજ ન હોવો જોઈએ. ટીવી નાખ્યા પછી રાસાયણિક ખાતર કે પેસ્ટીસાઈડઝ નો ઉપયોગ ન કરવો નહીતર ટીવી કામ કરશે નહી. ઘણા ખેડુતો અળસીયાનુ ખાતર, રાઈઝોબીયમ કલ્ચર, ટીવી નાખી પ્રયોગો કરેછે પરંતુ સાથે આ રાસાયણિક ખાતરો અને પેસ્ટીસાઈડઝ નાખે છે જેથી બોયોફર્ટી અને બોયોકેમીના ફાયદા તેમને મળતા નથી અને ફરીથી રાસાયણિક ખાતરો તરફ વળે છે.

<u>ટીવી કયાથી મળે</u>

કુદરતી રીતે જમીન, હવા અને પાણીમાં ટીવી હોય છે પણ રાસાયણિક ખાતરો નાખી તેને મારી નાખીએ છીએ જેથી ફુગ રોગ વધતા જાય છે.

<u>ટીવી કેવી રીતે બને છે</u>

જેવી રીતે દુધ માંથી દહીં બને તે રીતે તૈયાર મટીરીયલ્સ ને ગરમ કરી જીવાત નાખી ૫ દિવસે ટીવી તૈયાર થઈ જાય છે.

<u>જમીનમાથી વીરડી મેળવવા ની રીત</u>

વીરડી મેળવવાની રીતને સીરીયલ ડાયલુઝમ મેથડ કહે છે. કોઈ ખેતરના છોડ ની આજુ બાજુ ૧૦ સે.મી. જમીનમાથી ચાર પાંચ જગ્યાએથી માટી લેવી અને તે મીક્ષ કરી તેમાથી ૧ગ્રામ માટી લેવી. ત્યારબાદ ૬ કસનળી લઈ જેમા દરેકમાં ૯ મી.લી.પાણી ભરવું, ૧ નંબરની નળીમા ૧ ગ્રામ માટી નાખી તેને મીક્ષ કરી તેમાથી પીપેટ વડે એક મીલી પાણી લઈ તે બીજી કસનળીમા નાખવું,અને આ રીતે ક્રમશઃ બધી નળીમા પાણી નાખી તેને રૂ ના બુચ મારી ઓટો કલેવમાં ગરમ કરવુ. ઠંડુ થયા પછી ૬ પેટ્રીક પ્લેટ લઈ દરેકમાં ૧મીલી પાણી નાખવું તેમા સોલીડ ફુડ નાખવુ.

**આત્મવિશ્વાસ એ મોટામાં મોટી સફળતા છે.**

આ રીતે પાંચ દિવસમાં વીરડી તૈયાર થઈ જાય.

સોલીડ ફુડ

સોલીડ ફુડ બજારમાં તૈયાર મળે છે જેની ૧કિલોગ્રામની કીંમત ૧ હજાર છે. પરતું આ ફુડ જાતે બનાવવાથી સસ્તુ તૈયાર થાય છે. જેમા બટેટા, ટેકસટ્રોસ(ગ્લુકોઝ) અને આગાર આ ત્રણ વસ્તુંનો ઉપયોગ થાય છે. ૨૫૦ ગ્રામ બટેટા ની છાલ ઉતારી, ટુકડા કરી ૧ લીટર પાણીમાં ગરમ કરી સુપ બનાવવું તેમા ૨૦ ગ્રામ ખાંડ અને ૨૦ ગ્રામ આગાર નાખવું અને ઓટોકલેવમાં ગરમ કરવું. આ મીશ્રણ ઠડું પડે એટલે જામી જાય છે. તૈયાર થયેલ ખોરાકને ૨૦૦ મિલિની બોટલો લઈ તેમા ભરી અને તેને રૂ વડે બંધ કરી ફ્રિઝમા રાખવી આ રીતે આ ખોરાક ૩૦ દિવસ સુધી અસરકારક હોય છે.

લીકવીડ ફુડ

૭૫૦ ગ્રામ ગોળ લઈ તેને ૧૫ લીટર પાણીમા મીકસ કરી ૨૦૦ મીલી ની ૭૫ બોટલ ભરી ઓટોકલેવમાં મુકી અને બંધ કરી ઓટોકલેવનો પ્રેસર આંક ૧૫ સુધી રાખી ઓટોકલેવ ૨૦ મીનીટ સુધી શરૂ રાખવું. ત્યારબાદ તેને બંધ કરી ઓટોકલેવનો પ્રેસર આંક ૧૫ થી ૦ સુધી નીચે આવે ત્યારે ઓટોકલેવ ખોલવું. ઓટોકલેવ ન હોય તો ૨૦ લીટરના પ્રેસરકુકરનો ઉપયોગ કરી આ ફુડ બનાવી શકાય છે.

આ લીકવીડ ફુડ ને કલ્ચર રૂમમા લઈ જઈ ૧નાનો ટુકડો વીરડી ૨૦૦મીલીની બોટલમાં નાખવાથી ૭દિવસે વીરડી તૈયાર થઈ જાય છે ૧કિલો વીરડી પાવડર બનાવવા માટે ૫ બોટલ (૨૦૦ મીલી) વીરડી લેવી તેનુ પાણી ગાળી લેવું. મીક્ષ્ચરમાં ક્રશ કરી ૧ કીલો ટેલ્કમ પાવડરમાં ભેળવવી જેથી ૧ કીલો વીરડી તૈયાર થઈ જાય છે.

હાલમા મગફળીમાં ફુગનો રોગ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. આ રોગના નાશ માટે ટ્રાયકોડ્રામા વીરડી અમોઘ શસ્ત્ર પુરવાર થયું છે. વધુ માહિતી કૃષિ યુનિવર્સીટીમાથી મળી શકશે.

—અશોક શેલાર, ખાંભા કાર્યાલય

ટ્રાયકોડ્રામા વીરડી અને પેસ્ટીસાઈડઝ દવા વચ્ચે તફાવત

| ટ્રાયકોડ્રામા વીરડી | પેસ્ટીસાઈડઝ |
| --- | --- |
| ❖ ટીવીની કોઈ પ્રકારની આડઅસર નથી | ❖ જમીન ,પાણી વિ. પર આડઅસર. |
| ❖ પાવડર હોવાથી તણાતુ નથી અને તણાય તો પણ પ્રદુષણ ફેલાતુ નથી | ❖ વરસાદ પડેતો દવા તણાય જાય છે પાણીમા જતા પ્રદુષણ ફેલાય છે |
| ❖ ટીવી નો કંટ્રોલ કાયમી છે | ❖ કંટ્રોલ ૧૦ દીવસ જ રહે છે |
| ❖ છોડને રક્ષણ આપે છે, રોગ નો દુશ્મન છે | ❖ મુળમા કંટ્રોલ કરે છે રોગ પુરા છોડમાં ફેલાય તો કામ કરતુ નથી |

***અનુભવ એ દરેક માણસે પોતાની ભુલોને આપેલું નામ છે.***

## સંસ્થા સમાચાર

ખાંભા તાલુકાના ખેડુતો સાથે તા.૨જી માર્ચના રોજ રાષ્ટ્રિય પર્યાવરણ જાગૃતિ અભિયાન કાર્યક્રમ અંતર્ગત '' જૈવિક વિવિધતાનું સંરક્ષણ'' વિષય પર એક દિવસીય કાર્યશાળા યોજાઈ, જેમા જૈવ સૃષ્ટિનું સંરક્ષણ અને લુપ્ત થતી જતી વિવિધ જાતિઓથી ખેડુતોને માહિતગાર કરવામાં આવ્યા. ખેડુતોએ ચર્ચા કરી અને તેમના વિસ્તારમાં લુપ્ત થતી જતી વિવિધ જાતિઓની માહિતી રજુ કરી હતી. ખેતીને ઉપયોગી જીવોના બચાવ કાર્ય માટે ચર્ચા થઈ. પાણીના ઉપયોગી સ્ત્રોતોની જાળવણીનું આયોજન થયુ.

## સંસ્થાના સભ્યોની સામેલગીરી

૧ માર્ચ – પ્રો પુવર બિઝનેસ સપોર્ટ નેટવર્ક રીજનલ મીટીંગ,અમદાવાદ
૧૫ માર્ચ – પાણી અને સ્વચ્છતાના સ્વાવલંબનની લોક હિમાયત અભિયાનની ફોલોઅપ મીટીંગ,ભાવનગર
૧૭ માર્ચ – એસકેવાવ ના સભ્યોની ઓક્ષ્ફામ સાથે મીટીંગ, અમદાવાદ
૧૭થી૨૦–હિસાબી ક્ષમતાવર્ધન તાલીમ, બેંગલોર
૨૫થી ૨૮–સ્ફીયર કાર્યશાળા, ભાવનગર
૨૬થી૨૭–એકલનારીસંમેલન, અમદાવાદ
૨૯ માર્ચ – DPRG-CBDRR Workshop, Ahmedabad.

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers, Ganesh complex - Amreli and Published at 95-Jalaramnagar (2), Amreli, Editor : Dhiren Vagadia.

Post Regn. No. GAMI-91/2005 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto Dec. 2008 Date Of Issue 1st of month

SSKK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : hard_ad1@sancharnet.in

**માનવીનો સાચો મીત્ર એની દસ આંગળીઓ છે.**